[૪]

"ધરતી"
માસિક ઑગષ્ટ–સપ્ટેમ્બર'૮૩નો લેખ

* કચ્છ પાટીદાર સમાજના ઉધ્ધારક અને ધર્મવીર *

સ્વ. શ્રી નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર

જન્મ : તાઃ ૨૨–૫–૧૮૮૩

જન્મ શતાબ્દિ પ્રસંગે શ્રધ્ધાંજલિ

– પ્રો. મંગલભાઈ રા. પટેલ
(સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯)

પૂર્વ વૃતાંત :-

હિન્દુ ધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની પીરાણા ધર્મની સામે ઉગ્ર લડત આપનાર કચ્છના વીરાણીના નરવીર પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટરને તા. ૨૨–૫–૧૯૮૩ના રોજ સો વરસ પૂરાં થયાં છે. ગુજરાત, કરાંચી, કાઠિયાવાડ, સિંધમાં પથરાયેલા કચ્છી પટેલો આગળ 'પીરાણા સતપંથ'ની પોલ ખોલનાર અને હિન્દુ ધર્મનો સત્ય પ્રકાશ ફેલાવનાર તે મશાલચીને યાદ કરવો તે આપણી ફરજ અને જે સંજોગોમાં તેમણે આ પંથની પોલ ખોલવાની જે હામ ભીડી અને તેમાં વિજયી થયા તે ખરેખર પાટીદાર કોમને અને કચ્છી કડવા પાટીદારોને ગૌરવ અપાવે તેવો રોમાંચક ઇતિહાસ છે.

પીરાણા પંથની સામે લડવામાં નારાયણજી પટેલ અને તેમના સાથીદારોને તે ધર્મના કાકાઓ અને સૈયદો તરફથી ત્રાસ વેઠવો પડયો તેની આપણી નવી પેઢીને ભાગ્યે જ ખબર હશે. નારાયણજીએ આ ધર્મના પુસ્તકોની અનેક હસ્ત પ્રતો અને દસ્તાવેજો મેળવી એક આધારભૂત માહિતી આપતું 'પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ' નામનું સુંદર પુસ્તક લખ્યું, તે ખરેખર કચ્છી પટેલોને ગૌરવ લેવા જેવું છે. શ્રી નારાયણજીભાઈના શબ્દોમાં 'ઈમામશાહી પીરોનાં ચમત્કારિક દાસ્તાનોની

"ધરતી"
માસિક ઓગષ્ટ–સપ્ટેમ્બર ૮૩નો લેખ

* કચ્છ પાટીદાર સમાજના ઉધ્ધારક અને ધર્મવીર *

સ્વ. શ્રી નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર

જન્મ : તા: ૨૨–૫–૧૮૮૩

જન્મ શતાબ્દિ પ્રસંગે શ્રધ્ધાંજલિ

– પ્રો. મંગલભાઈ રા. પટેલ
(સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯)

પૂર્વ વૃતાંત :-

હિન્દુ ધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની પીરાણા ધર્મની સામે ઉગ્ર લડત આપનાર કચ્છના વીરાણીના નરવીર પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટરને તા. ૨૨–૫–૧૯૮૩ના રોજ સો વરસ પૂરાં થયાં છે. ગુજરાત, કરાંચી, કાઠિયાવાડ, સિંધમાં પથરાયેલા કચ્છી પટેલો આગળ 'પીરાણા સતપંથ'ની પોલ ખોલનાર અને હિન્દુ ધર્મનો સત્ય પ્રકાશ ફેલાવનાર તે મશાલચીને યાદ કરવો તે આપણી ફરજ અને જે સંજોગોમાં તેમણે આ પંથની પોલ ખોલવાની જે હામ ભીડી અને તેમાં વિજયી થયા તે ખરેખર પાટીદાર કોમને અને કચ્છી કડવા પાટીદારોને ગૌરવ અપાવે તેવો રોમાંચક ઇતિહાસ છે.

પીરાણા પંથની સામે લડવામાં નારાયણજી પટેલ અને તેમના સાથીદારોને તે ધર્મના કાકાઓ અને સૈયદો તરફથી ત્રાસ વેઠવો પડયો તેની આપણી નવી પેઢીને ભાગ્યે જ ખબર હશે. નારાયણજીએ આ ધર્મના પુસ્તકોની અનેક હસ્ત પ્રતો અને દસ્તાવેજો મેળવી એક આધારભૂત માહિતી આપતું 'પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ' નામનું સુંદર પુસ્તક લખ્યું, તે ખરેખર કચ્છી પટેલોને ગૌરવ લેવા જેવું છે. શ્રી નારાયણજીભાઈના શબ્દોમાં 'ઈમામશાહી પીરોનાં ચમત્કારિક દાસ્તાનોની

ગપોળ કથાઓ અને તેમના ચમત્કારિક બનાવટી પરચાઓ વાળા ધડધડાટ ભર્યા ધર્તીંગો એકવાર ધ્યાન પૂર્વક વાંચી જવાની ભલામણ કરીએ છીએ. પીરાણા પંથ જમાતો, તેમનાં ખાતાંઓ અને તેમના સેવકો-મુરીદો પાસેથી છૂટું છવાયુ સાહિત્ય શોધ કરતાં મહામુશ્કેલીએ મળ્યું છે.... પાણી પેઠે પૈસો વેરી આ સાહિત્ય મેળવી પંથનું પોકળ આપ સૌને ચરણે ધરું છું."

વીસ વર્ષના પરિશ્રમ બાદ કચ્છી પાટીદાર જ્ઞાતિને કપાળે પીરાણા સતપંથનું જમાનાઓની ચોંટેલુ કાળું કલંક ધોવામાં તેઓ ભારે સફળ થયા. તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લડત આપનાર સૌ કોઈ જ્ઞાતિ બિરાદરોને લાખ લાખ અભિનંદન. અમે આજે પણ તેમને યાદ કરી તેમના પ્રત્યે આદર વ્યકત કરીએ છીએ.

કચ્છ નરેશ મહારાવ શ્રી ભારમલ્લજીએ પોતાના દેશને રસાળ અને સમૃધ્ધ બનાવવા ગુજરાતી કણબીઓને ત્યાં સત્કાર્યા હતા અને જોત જોતામાં ત્યાં કણબીભાઈઓની સખ્યાં પચીસ હજારે પહોંચી હતી ૧૮૩૨માં પીરાણાવાળો પ્રાગજી કાકો કચ્છ આવ્યો. તે બડો પાકો અને પ્રપંચી કાકો હતો. તેમણે બ્રાહ્મણ, ગોર, ભાટ, ચારણો, વહીવંચા વગેરેનો કણબીઓ સાથેનો સબંધ સદંતર બંધ કરાવી, મરણ અને લગ્ન વગેરેના બધા હિન્દુ જ્ઞાતિ રિવાજો છોડાવી દઈને કચ્છી કણબીઓને પાકા સતપંથી મૂમના બનાવવાની જબ્બર ખટપટ ચલાવી. ધર્મગુરૂ ઉપર અચળ શ્રધ્ધા રાખનારા કચ્છના ભોળા કણબીઓ તેમની કપટજાળમાં ફસાયા ત્યારથી તેઓ પાકા સતપંથી મૂમના બન્યા. કણબીઓ પાસેથી અનેક લાગાઓ દુવાઓને નામે ઉઘરાવવામાં આવતા. દશોંદ અને વિશોંદની આવકો પણ તેમણે શરૂ કરી. કચ્છનાં ૮૦ ગામોમાં વસતા પાટીદારો તેના ભોગ બન્યા તેઓ સતપંથના શિકાર બની ગયા. કાકાઓની ચૂંટણીઓ થવા લાગી. કાકાઓ, મુખીઓ અને ગુમાની ગંડેરા અને પાપી પટેલોએ જુલ્મો શરૂ કર્યા અને શ્રી નારાયણજી જેવા યુવાનો મેદાનમાં આવ્યા. અને આ જુલ્મો સામે પ્રતિકાર કરવા માટે સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિ હિતચિંતક મંડળ, કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ તથા કચ્છી પરિષદ જેવી

સંસ્થાઓ સ્થપાઇ અને પીરાણા સતપંથના જુલ્મો સામે તેમજ વટલાવવાની પ્રવૃતિ સામે શ્રી નારાયજી પટેલની આગેવાની નીચે લડત શરૂ થઈ.

જન્મ–અભ્યાસ–મુંબઈ ગમન :–

શ્રી નારાયણજીનો જન્મ કચ્છ પ્રદેશના નખત્રાણા તાલુકામાં કચ્છી વીરક્ષેત્ર ગામ વીરાણી ખાતે વિક્રમ સંવત : ૧૯૩૯ના વૈશાખ શુદ ૧૫, ને મંગળવાર તા. ૨૨–૫–૧૮૮૩ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી પટેલ રામજીભાઇ ભોથાભાઈ લીંબાણી એમના વખતનાં એક પ્રસિધ્ધ શિલ્પશાસ્ત્રી હતા. તેઓએ કચ્છ રાજ્યના ઈજનેરી ખાતામાં લાબાં સમય સુધી સન્માનપૂર્વક નોકરી કરીને ન્યાતજાતમાં તેમજ કચ્છ પ્રદેશમાં એક સારા શિલ્પી તરીકે બહુ ખ્યાતિ મેળવી હતી. તેઓ **સુધારક વિચારના તેમજ વેદધર્મના પ્રબળ પક્ષપાતી હતા.** છતાં પણ એ વખતે કચ્છના કડવા પાટીદારોમાં જડ ઘાલી બેઠેલા પીરાણા સતપંથ સત્તાની સામે મસ્તક ઉઠાવતાં તેઓ અચકાતા હતા. કારણ તે વખતના સંજોગોમાં તે કામ આકરૂં હતું પરંતુ 'પુત્રનાં લક્ષણ પારણામાં'. તેમના જ દીકરાએ સતપંથ સામે બળવો પોકારી પિતાની ઇચ્છા પૂર્ણ કરી.

શ્રી નારાયણજીને નવમા વર્ષે વીરાણીની શાળામાં દાખલ કર્યા, પણ ત્યાં પાંચ ધોરણ સુધી શિક્ષણ અપાતુ હતું. તેમને કલા અને કેળવણીમા ભારે અભિરૂચી હતી. પાંચ ધોરણ બાદ અભ્યાસ છોડી પિતાના શિલ્પકામના વ્યવસાયમાં જોડાયા. એક કારીગરની જેમ પિતાની હુંફ નીચે કામ કરવાનું શરૂ કર્યું. થોડાક સમયમાં જ તેઓએ શિલ્પશાસ્ત્રમાં નામના મેળવી વધુ અભ્યાસ માટે મુંબઈ જવાની ઈચ્છા વ્યકત કરી અને પિતાશ્રીએ તેને અનુમોદન આપયું.

મુંબઈમાં આવી તેઓએ શિલ્પકળાના આદર્શોનું બારીકાઈથી અવલોકન કર્યું. અદ્‌ભૂત કલાચાતૂર્યથી તેઓ શિલ્પકળામાં નિપૂંણ બન્યા. નસોમાં જુવાનીનું લોહી ઉછાળા લેતું હતું. પ્રમાણિકતા અને પુરુષાર્થે તેમને બદલો આપ્યો. મુંબઈના એક પ્રસિધ્ધ કોન્ટ્રાકટરને ત્યાં નોકરી

મળી, પરંતુ કલાક્ષેત્રનાં હથિયારો માટે તેમનો જન્મ થયો ન હતો, એટલે તેઓએ ધર્મક્ષેત્રમાં સેવાવૃતિનાં હથિયાર ગ્રહણ કર્યા.

પિતાશ્રી સુધારક વિચારના હોવા છતાં તેઓ પીરાણા સતપંથ સામે જાહેરમાં આવાજ ઉઠાવવાની હિંમત કરી શકયા નહિ. કારણ કે તરત જ ન્યાય બહાર મૂકવામાં આવતા અને બીજા ત્રાસ ગુજારવામાં આવતા તેને કારણે છેવટે હતાશ થઈ મુખી-પટેલ માગે તેટલો દંડભરી જ્ઞાતિનું શરણુ લેવું પડતું.

શ્રી નારાયણજીને બાળપણથી આ પંચની ક્રિયાઓ સામે નફરત હતી અને **ચમત્કારોની ભારે સુગ હતી.** ઉંમર લાયક થતાં ધર્મની સચ્ચાઈ તરફ તેમનું મન લાગ્યું અને ધર્મનું બારીકાઈથી વાંચન શરૂ કર્યું **ફુરસદના સમયે માધવબાગ આર્યસમાજ મંદિર** તેમજ **હીરાબાગ** જેવાં મુંબઈના જાહેર સભાસ્થાનમાં ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા જતા, એટલે તેમનું મન મક્કમ બન્યું અને **વૈદિકધર્મ**ના અંચળા નીચે ચાલતા પીરાણા સતપંથ તરફ તેમનો રોષ ભભૂકી ઉઠયો. જોગાનું જોગ એ અરસામાં લોહાણા ગૃહસ્થ શેઠ કેશવજી દયાળજીને વડગાદી ઉપર એક મકાન બાંધવું હતું અને શ્રીયુત ગોપાલજીભાઈ નામના કચ્છી ગૃહસ્થે શ્રી નારાણજીની કેશવજી શેઠ સાથે ઓળખાણ કરાવી. પણ શ્રી ગોપાલજીએ હસતાં હસતાં ટકોર કરી "કામ ભલે તમે નારાણજીને આપો. કામમાં તો એ ભાઈ કુશળ અને પ્રમાણિક છે અને તેમને પણ એ પૂરે પૂરો સતોષ આપશે પરંતુ એક વાતે આ લોકો બહુ ખોટા છે" વધુમાં પટેલ જ્ઞાતિની ટીકા કરતાં કચ્છી ભાષામાં તેમણે કહયું "ઈ હિશાજેતા હિન્દુજેડા પણ ધરમમેં તાં ઈ વડા કાફર અઈ–નઈ હિન્દુ કનઈ મુસલમાન ઇનિજેમેં મરે તડેં દટજે અને પઇણે તડેં ચૂના પેન"

આ શબ્દો શ્રી ગોપાલજીએ તો માત્ર હસવામાં કહ્યા હતાં. પણ શ્રી નારાયણજીને હાડોહાડ વ્યાપી ગયા. કડવા પાટીદાર કણબીઓ શ્રી રામચંદ્રજીના પ્રતાપી વંશના ક્ષત્રીઓ છીએ, છતાં લોકો અમારી નિંદા શા માટે કરતા હશે ? બસ, ત્યારથી પીરાણા ધર્મ સામેની જેહાદનાં

બીજ રોપાયા અને તેનું અમૃતફળ ચખાડયું કચ્છી કડવા પટેલોને શ્રી નારાયણજીએ.

તે દિવસે પ્રતિજ્ઞા કરી : "પીરાણા પંથના પાપપ્રપંચમાંથી જ્યાં સુધી મારા વહાલાં જ્ઞાતિભાઈઓને છોડાવું નહિ ત્યાં સુધી મારૂં જીવન રંક અને ભાર રૂપ છે." **પછી તો પાંચ વર્ષ ધાર્મિક અભ્યાસમાં લાગી ગયા. સત્ય શોધી કાઢયું અને આખરે લડત શરૂ કરી.**

મુંબઈમાં પૈસે ટકે એ સુખી થયા. મુંબઈના શ્રીમંતો સાથે, પ્રસિદ્ધ ઇજનેરો સાથે, મુંબઈની મ્યુનિસિપાલિટીમાં અને લશ્કરી ખાતામાં સારી વગ અને ઓળખાણો થઈ. પરંતુ કચ્છી પટેલોની ધાર્મિક અધોગતિના વિચારો તેમના હૃદયને ખિન્ન બનાવી દેતા.

આજ અરસામાં રાજકોટ નજીક ઢોલેરાના* મૂળ વતની વેદશાસ્ત્ર સંપન્ન જ્યોતિષશાસ્ત્રી સદ્‌ગત શ્રી રામેશ્વર મોરારજીનો સત્સંગ થયો જાણે આ બ્રાહ્મણે પટેલ જ્ઞાતિના ઉદ્ધાર માટે જ જન્મ લીધો હોય નહિ! એવું આ સમાગમથી તેમણે અનુભવ્યું. શ્રી રામેશ્વરે વૈદિક ધર્મનો ઉપદેશ આપ્યો અને વૈદિક સંસ્કારોની પુનઃપ્રાપ્તિ માટે અનેકને સમજાવ્યા. પીરાણા પંથનું કલંક ધોઈ નાખી ઉપવિત (જનોઈ) ધારણ કરીને પાવન થવાનો શ્રી નારાયણજીએ નિશ્ચય કર્યો અને ખૂલ્લા હૃદયથી તે બાબતનો નિર્ણય તેમણે શ્રી રામેશ્વર મહારાજને પણ કહયો. શ્રી રામેશ્વરે પ્રત્યુત્તરમાં જણાવ્યું : "આવું સાહસ માત્ર મારા એકલાની સલાહથી કરવા કરતાં ગુજરાતના કોઈ પ્રતિષ્ઠિત આચાર્યની સલાહ લઇ તેમની મારફત જો એ સંસ્કાર કરવામાં આવે તો વધારે સારૂં. હાલ ગુજરાત કાઠિયાવાડમાં ધર્મના નિયમિત પ્રચાર માટે જાણીતા મહાત્મા શ્રીમન્ન નથુરામ શર્મા કાર્ય કરી રહ્યા છે. તેમને મળીને તમે નિર્ણય કરો."

કાઠિયાવાડમાં જુનાગઢ પાસે બિલખામાં મહાત્મા નથુરામ શર્માજીનો આશ્રમ હતો. શ્રી નારાયણજી ત્યાં પહોંચી ગયા અને પોતાના વિચારો રજૂ કર્યા તેમજ શુદ્ધિકરણની વાત કરી અને જનોઈ ધારણ કરવાની ઈચ્છા જણાવી. અમને પાટીદારોને તે માટેનો અધિકાર છે કે નહિ તે

વિશે અભિપ્રાય માગ્યો, આ મહાત્માએ મનુ, પારાશર, યાજ્ઞવલ્કય આદિ અનેક સ્મૃતિકારોના આધારો દર્શાવી ધર્મબિંદુ તેમજ ગૃહસૂત્રના ગ્રંથો માંથી જનોઈ માટેના અધિકારનાં પ્રમાણો બતાવ્યાં અને વિધિસર દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત લીધા પછી જનોઈ ધારણ કરવામાં વાંધો નથી તેવો અભિપ્રાય આપ્યો. કચ્છી કણબી જ્ઞાતિના દુરાગ્રહ અને પીરાણા ધર્મના જુલમનો તેમને ખ્યાલ હોવાથી તેમણે નારાયણજીને સલાહ આપી, "તમારા જેવા એક ઉમંગી અને ઉત્સાહી યુવાને દેહ શુદ્ધિ-પ્રાયશ્ચિત કરાવી જનોઈ લેવાનું આ સાહસ ખેડવામાં ઘણું જોખમ સમાયેલું છે. વળી તમે એકલા જ જનોઈ લો એથી જ્ઞાતિને વિશેષ લાભ પહોંચાડી ન શકો. માટે જો બની શકે તો બીજા પાંચ-સાત સ્નેહીઓને તમારા પંથમાં સાથે લઈને જ પ્રાયશ્ચિત કરવું."

આ ઉપદેશ બાદ શ્રી નારાયણજી, શ્રી રામેશ્વર મહારાજ સાથે મુંબઈ ગયા અને પોતાના સંકલ્પને સિદ્ધ કરવામાં લાગી ગયા. ચળવળ શરૂ કરી. પોતાના પરિચિત સ્નેહી વર્ગ અને જ્ઞાતિના યુવક વર્ગ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા. વેદધર્મનો મહિમા સમજાવ્યો અને પીરાણા સતપંથનો જાહેરમાં વિરોધ કરવાનું શરૂ કર્યું.

શ્રી નારાયણજીભાઈ લખે છે : "મારા આ કાર્યમાં પટેલ રતનશીભાઇ કરશન, રાજપરવાળાએ ટેકો આપ્યો અને નીડર ધર્મવીર બન્યા. ગઢેરાઓના અંધેર અમલથી કંટાળી બીજા સ્નેહીઓ વેદધર્મ તરફ વળ્યાં. પટેલ રામજીભાઈ જેઠાભાઈ ગઢશીશાવાળા, પટેલ વિશ્રામભાઈ દેવજી, પટેલ કરશન ભાણજીભાઇ, પટેલ નારાયણભાઈ શિવજી વિરાણીવાળા, પટેલ હરજીભાઇ લધા કુડવાવાળા વગેરેએ મારા વિચારોને અનુમોદન આપ્યું પાપીપંથનો ત્યાગ કરી જનોઈ ધારણ કરવા તૈયાર થયા."

મિત્રો અને શુભેચ્છકોએ શ્રી નારાયણજીને આવું સાહસ કરતાં રોકવા પ્રયત્ન કર્યો અને તેનાં શાં પરિણામો આવશે તેની ચેતવણી આપી. પણ શ્રી નારાયણજી કહેતા : "હું તો ગમે તે ભોગે અને જોખમે મારો નિશ્ચય અમલમાં મૂકવાની પ્રતિજ્ઞા લઇ ચૂકયો છું. તમને અનુકૂળ હોય તો જ મારી સાથે રહેજો, નહિ તો તમે તમારી જાત સંભાળજો.

આગલા જન્મમાં ધર્મ માટે અનેક લોકોએ બલિદાન આપ્યાં છે. તેના હિસાબમાં મારી જાતનું બલિદાન એ તો તુચ્છ છે. મારે કરવાનું છે તે જ હું કરી રહયો છું." – આ શબ્દોમાં શ્રી નારાયણજીની સચ્ચાઇ, બલિદાન ભાવના અને કડવા કોમનું હિત હૈયે વસેલું હતું. નારાયણજીનો આવો અડગ નિશ્ચય જોઇને એ ભાઇઓ પ્રેમ અને લાગણીથી તેમની સાથે જોડાયા.

શ્રી નારાયણજીએ ત્યારે કહયું હતું; "જીવશું તો સાતેય ભાઇ સાથે ને મરશું તો પણ સાતેય ભાઈ સાથે જ. જ્ઞાતિ કે ગઢેરાઓ ગમે તેવો ત્રાસ આપશે તો આપણે સાતેય જણ સપ્તઋષિની પેઠે સહી લેશું, પણ જીવતાં સુધી કદી જુદા તો નહિ જ પડીએ."

સાતેય કુટુંબો એકઠાં થયાં અને દેહ શુધ્ધિની–જનોઈ સંસ્કારની ઉત્સાહભરી તૈયારીઓ થઈ. રામેશ્વર મહારાજને સાતેયની નીડરતા જોઈ આનંદ થયો. દેહશુધ્ધિ માટે નાશિક ગયા. ગોદાવરી નદીના પવિત્ર તીરે શ્રી ત્ર્યંબકેશ્વર જેવા તીર્થક્ષેત્રમાં પ્રસિધ્ધ વિદ્વાનો દ્વારા જનોઈ પામ્યા અને **વેદધર્મ**ના અધિકારી બન્યા. આ બનાવ વિક્રમ સવંત : ૧૯૬૪ (ઈ.સ. ૧૯૦૮)ના જેઠ સુદ ૫, ને ગુરૂવારે બન્યો. નાશિકથી પાવન થઇને આવ્યા પછી તરત જ તેઓએ **સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિ હિતચિંતક મંડળ** ની સ્થાપના કરી, તેના આ સાત જણ પહેલા સભાસદો થયા.

સમાજના પ્રત્યાઘાત :

શ્રી નારાયણજી વગેરે મુંબઇ આવ્યા બાદ જ્ઞાતિમાં આ બનાવના ભારે પ્રત્યાઘાત પડયા. ચર્ચાઓ અને ઉથલપાથલો શરૂ થઈ. કચ્છના જ્ઞાતિ આગેવાનોમાં રોષ ભભૂકી ઉઠયો. કચ્છના કણબી ભાઈઓમાં ભારે ખળભળાટ મચી ગયો. આ સાહસનું શું પરિણામ આવશે તે જોવા કચ્છ પાટીદાર આલમ આતુર બની ગઈ.

શ્રી નારાયણજીએ કહ્યું છે "અમારા સાતેયના આ સાહસથી

અમારાં સગાં-સ્નેહીઓ પર ચિંતા અને ભયનાં વાદળો ઘેરાવા લાગ્યાં. છેડાયેલા ગઢેરાઓ ક્રુર જનાવરોની જેમ ગર્જી ઉઠયા. તેમના તરફથી હુકમો છુટયા અને ફરમાનો મોકલ્યાં. અમારી સાથે કોઈ પણ સંબંધ રાખશે તેમને નાત બહાર ગણવામાં આવશે "તેવા વટહુકમો બહાર પડયા. કુટિલ કુકર્મી પટેલીઆઓએ આ સાતેયને સતાવવામાં કશી મણા રાખી ન હોતી. આ સાતેય સાહસવીરોને પરિણામની ખબર હતી જ, એટલે તેમને કોઈ ડર ન હતો-સામાજિક બહિષ્કાર-તમામ સંબંધ પર અંકુશ લાગી ગયો. તેઓ એકલા પડી ગયા. અહમદશાહ દુરાની જેવા પટેલોએ જે જુલ્મો કર્યા તેની નોંધ કરવા જઈએ તો વાત લાંબી થઈ જાય, પણ આ અંગેની માહિતી અને વિગતો **કચ્છ કડવા પાટીદાર પરિષદ** ની બે બેઠકોમાં જાહેર કરવામાં આવી હતી. 'નાગાથી નારાયણ પણ આઘા' એ ન્યાયે તેમનાં સગાંઓ પણ આ જુલ્મ અને દબાણથી થાકી ગયાં. તેઓએ આ ભેખધારીઓને વિનંતિ કરી "અમારી દયા ખાતર પણ તમે જનોઈઓ પાછી ઉતારી નાખીને, પીરાણા સતપંથની ગુલામી કબુલ કરી જ્ઞાતિને શરણે આવીને અમારામાં પાછા ભળી જાઓ તો તમારી સાથે અમારી આફતનો પણ છેડો આવી જાય." આ અપીલની પેલા ભેખધારીઓ પર શી અસર થઇ હશે તે વિચારવું ઘટે!

પ્રતિજ્ઞા તોડવાની નબળાઈ આ સાત કુટુંબમાંથી કોઈ કરે તેમ ન હતું. તેમણે સગાઓને જણાવી દીધું "જો તમને આ સ્થિતિ અસહ્ય લાગતી હોય તો સુખે તમે અમારો ત્યાગ કરીને એ ધર્મભોગુ નરપિશાચો સાથે સહકાર અને એકતા કરો. પરંતુ અમે તો પ્રાણાંતે પણ એ પાપી પંથને પડછાયે પણ ઉભા રહેવાના નથી. ભલે માથે વજ્ર તૂટી પડે કે આખી દુનિયા ઉલટી જાય, પણ ઈશ્વર, બાપ અને ધર્મ તો નહીં જ બદલાય."

શ્રી નારાણજીના પિતાશ્રી અને તેમના વડીલ બંધુઓ પણ આ પ્રવૃતિમાં તન-મન-ધનના ભોગે રસપૂર્વક ભાગ લીધો. **સ્વધર્મ વર્ધક મંડળે** પણ મુંબઈમાં રહી પીરાણાપંથ સામે મોરચો માંડયો, અને જોત જોતામાં આ ચળવળ એક જાહેર ચળવળ બની ગઈ. લોક લાગણીને

ખેંચવા માટે મુંબઈનાં વર્તમાન પત્રોમાં લેખો લખાયા, હેન્ડબીલો વહેંચાયાં અને આ લડતનો ચિતાર આપતી નાની નાની પુસ્તિકાઓ છપાવીને મફત વહેંચવામાં આવી. આ રીતે ઈમામશાહીની ઈન્દ્રજાળ અને ભેદભરમો ખુલ્લા પાડવામાં આવ્યા. ખેરિયતની ખીચડી ખાઉ સૈયદો અને તેમના દલાલોનું કામ કરનાર પેટવડીઆ કુટિલ કાકાઓનાં કાળા કર્મો જોર શોરથી જાહેર રીતે ખુલ્લાં પડયાં. આ જ્ઞાતિ ઉધ્ધારની પ્રચંડ હાંક કરાંચી, કલકત્તા, સિંધ હૈદ્રાબાદ, ગુજરાત, કાઠિયાવાડમાં વસતા કણબી પટેલોમાં ગાજી ઊઠી તેને પ્રેમપૂર્વક વધાવી લઈને આ લડવૈયાઓને શાબાશી આપી. ગામે ગામથી અનુમોદન મળવા લાગ્યું. કચ્છમાં જાગૃતિ આવી. **સ્વધર્મ વર્ધક મંડળ**ના સભાસદો પર સૈયદો જુલ્મ કરવા લાગ્યા અને તેઓ આ સુધારક ભાઈઓના નામનું સ્નાન કરી નાખવાની પણ ફરજ પાડતા.

નરપુંગવ નારાયણજીને મદદ કરનાર લેવા પટેલ ધર્મવીર અને દાનેશ્વરી શ્રી તુલસીદાસ વલ્લભદાસ ધરમજવાળાનો આભાર માનવો ઘટે. ભાટીઆ શેઠશ્રી તુલસીદાસ [મસ્ત બાવાજી] તથા સ્વામીજી તુલસીદાસજી અને આર્ય સમાજનું મુખપત્ર "આર્ય પ્રકાશ" પણ મદદમાં આવેલ.

ધર્મવીર નારાયણજીનો સ્વર્ગવાસ સવંત ૧૯૯૭ના આસો વદ ૧૪ ના દિને થયો હતો.

શ્રી નારાયણજી અને અન્ય મશાલચીઓએ જે વૈદિક ધર્મનો દીપ પ્રગટાવ્યો છે તેનો પ્રકાશ સૌને મળો પણ હજુ કેટલાંક અંધકારમાં છુપે છે. તેઓએ અંધકારનો ત્યાગ કરી પોતે ક્ષત્રિય છે તેનું મંથન આત્મા સાથે કરી દેહશુધ્ધિ કરાવી અસલ પાટીદાર બને ત્યારે જ આ મહાન જ્ઞાતિ-ઉધ્ધારકનો ત્યાગ અને બલિદાન તેમજ દુઃખ સહન કરતાં વેઠેલી વેદના લેખે લાગી ગણાશે, વિલંબ શા માટે ? મા ઉમા તમને શક્તિ આપશે. ફરી પાછા મેદાનમાં આવો....ભૂતકાળ યાદ કરો.... "કચ્છડો ભલો બારે માસ"– એ સુત્રને ચરિતાર્થ કરો.

—★—★—

[૧૩]

આ રીતે ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો દ્વારા સંચાલિત 'ધરતી' માસિકે સ્વ. શ્રી નારાયણજીભાઇને શ્રધ્ધાંજલિ અર્પી.

આપણે–કચ્છના કડવા પાટીદારોએ–આ પ્રસંગે સ્વ. નારાયણજીભાઇની યાદગીરી જળવાઈ રહે અને ભવિષ્યની આપણી પ્રજા જ્ઞાતિના આવા ધર્મ-વીરને સતત યાદ કરતી રહે એ માટે સંવત–૨૦૪૦ના વૈશાખ સુદ–૧૫ ને મંગળવાર તા. ૧૫–૫–૮૪ના દિવસે સ્વર્ગસ્થના ગામ મોટી વિરાણીમાં તેમનું બાવલું બેસાડયું. આ એક બહુ ઉમદા પગલું હતું. આમ કરીને આપણે શ્રી નારાણજીભાઇ પ્રત્યેનો આપણો પ્રેમ અને ભક્તિ વ્યક્ત કર્યાં છે.

પરંતુ ખરેખરા અર્થમાં તેમના પ્રત્યે પ્રેમ અને ભક્તિ ત્યારે જ વ્યક્ત થયાં ગણાશે જ્યારે આપણે તેમણે આપેલા સંદેશાને પ્રેમપૂર્વક ઝીલી લઇએ અને તેમની ઇચ્છા મુજબ વર્તીએ. આમ કરવાથી જ સાચા અર્થમાં તેમને શ્રધ્ધાંજલિ અર્પિત કરી કહેવાશે.

પ્રિય જ્ઞાતિ ભાઇઓ ! આ આપણી સામેનો એક પડકાર છે. જેવો શ્રી નારાયણજીભાઇ સામે સંવત ૧૯૬૪(ઈ. સ. ૧૯૦૮)માં થયો હતો. તેમણે તો ભડવીર થઇને તે પડકાર ઝીલી ધર્મ પરિવર્તન કરી જ્ઞાતિ સુધારવાનું કાર્ય હાથ ધર્યું. આપણે શું કરશું ?